અપીલ અરજી નં.૩૮૫ તા.૪–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરૂદ્દીન એ. મારફતીયા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરૂદ્દીન એ. મારફતીયાની તા.૧૩–૧–૧૧ની અરજીથી મુદ્દા નં.૧ વોર્ડ ૧૧/૧૪૫૧ નાણાવટ ચીનીવાલાની પોળમાં બાંધકામ માટે મંજુર પ્લાન અને રજા ચીઠ્ઠીની તારીખ અને પ્લાન અને તેની નકલ. મુદ્દા નં.ર મંજુર થયેલ પ્લાન કયાં સુધી અમલમાં રહે છે. મુદ્દા નં.૩ તે તારીખ વીત્યા પછી બાંધકામ કરવુ હોય તો શું વિધી કરવી પડે. વિ. મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૪–૩–૧૧ ની **SMC/FAP/** નં.૩૮૫/૨૦૧૦–૧૧.

શ્રી નરૂદ્દીન એ. મારફતીયાની તા.૧૩–૧–૧૧ની અરજીથી મુદ્દા નં.૧ વોર્ડ ૧૧/૧૪૫૧ નાણાવટ ચીનીવાલાની પોળમાં બાંધકામ માટે મંજુર પ્લાન અને રજા ચીઠ્ઠીની તારીખ અને પ્લાન અને તેની નકલ. મુદ્દા નં.ર મંજુર થયેલ પ્લાન કયાં સુધી અમલમાં રહે છે. મુદ્દા નં.૩ તે તારીખ વીત્યા પછી બાંધકામ કરવુ હોય તો શું વિધી કરવી પડે. વિ. મુદ્દા નં.૧ થી ૯ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર ન મળેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અરજદારે અપીલમાં તેમની તા.૧૩–૧–૧૧ની અરજી જણાવેલ છે. જયારે સેન્ટ્રલ ઝોન ખાતેથી રવાના કરેલ તબદીલી પત્રમાં તા.૧૧–ર–૧૧ ની અરજી જણાવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૨૭ તા.૧૬–૩–૧૧ થી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી તથા અપીલ અરજીમાં મુળ અરજી તા.૧૩–૧–૧૧ નું હોવાનું જણાવી સાથે રસીદ નં.૧૭૨૧૯૪ સેન્ટ્રલ ઝોનની તા.૧૩–૧–૧૧/૧૪૫૧ નાણાવટ વિષય વસ્તુવાળી રૂા.ર૦/– રસીદની નકલ રજુ કરેલ છે. જયારે તેની સાથે સામેલ સેન્ટ્રલ ઝોનના તબદીલ પત્ર નં.૧૬૩૮ તા.૧૪–ર–૧૧ થી ટાઉન પ્લાનીંગશ્રીને અરજી તબદીલ થયેલ છે. જેમાં અરજીની તા.૧૧–ર–૧૧ જણાવેલ છે. સદર વિગતોને અનુલક્ષી અરજદારની બંને અરજીઓ એકજ વિષય વસ્તુ અંગે છે કે કેમ? તથા બંને અરજીઓ અંગે તેઓ કક્ષાએથી થયેલ તબદીલ કે નિકાલની કાર્યવાહી વિગતો નકલ સહ મોકલવા અંગે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.કમિ.(પીએન્ડડી)ને તથા અરજદારને તા.૪–૩–૧૧ ની અપીલમાં અરજી સે.ઝોન આઈ.ડી નં.૧૦૬૪ તા.૧૩–૧–૧૧ જણાવેલ છે. જે અંગે મૂળ અરજી તથા ફી ભર્યાની રસીદ તા.૧૩–૧–૧૧ ની રજુ કરેલ છે. પરંતુ તેની સાથે સે.ઝોન નો ૧૬૩૮ તા.૧૪–ર–૧૧ પત્ર તબદીલમાં અરજી આઈ ડી/૧ર ની સીરીઝઓ અવાચ્ય તા.૧૧–ર–૧૧ જણાવેલ છે. આમ તેમની તા.૧૩–૧–૧૧ ની અરજી બાબતે કોઈ તબદીલ પત્ર તેમની કક્ષાએ મળેલ હોય તો તેની વિગતો રજુ કરવા તથા વધુમાં તેઓ ૧૩–૧–૧૧ ની અરજી અંગે અપીલ કરવા ઈચ્છે છે કે ૧૧–ર–૧૧ ની અરજી અંગે? તે બાબતે પણ સ્પષ્ટતા સહ જો ૧૧–ર–૧૧ ની અરજી અંગે હોય તો વિગતો પણ રજૂ કરવા તથા ૧૩–૧–૧૧ અને ૧૧–ર–૧૧ ની અરજીનું વિષય વસ્તુ સરખું છે કે કેમ ? તે પણ જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી તથા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.રર–૩–૧૧ ના પત્રથી પૂરક વિગતોનો પત્ર મળેલ છે.

અરજદારની તા.૧૩–૧–૧૧ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૪–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૧ વોર્ડ ૧૧/૧૪૫૧ નાણાવટ ચીનીવાલાની પોળમાં બાંધકામ માટે મંજુર પ્લાન અને રજા ચીઠ્ઠીની તારીખ અને પ્લાન અને તેની નકલ. મુદ્દા નં.ર મંજુર થયેલ પ્લાન કયાં સુધી અમલમાં રહે છે. મુદ્દા નં.૩ તે તારીખ વીત્યા પછી બાંધકામ કરવુ હોય તો શું વિધી કરવી પડે. મુદ્દા નં.૪ ઉપરોકત નંબરનો જો પ્લાન મંજુર હોય અને તારીખ વીતી ગઈ હોય તો તે અંગેની કોલમ–૩ મુજબની કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ? મુદ્દા નં.(પ) ઉપરોકત મિલ્કતનું બાંધકામ કયારે શરૂ કરવામાં આવ્યું. મુદ્દા નં.૬ બાંધકામ શરૂ કર્યુ તે બાબતની જાણ કોર્પોરેશનને થઈ હતી. મુદ્દા નં.૭ તે અટકાવવા માટે કોઈ પગલા લીધા છે ખરા? કયા પગલા લીધા?. મુદ્દા નં.૮ ગેરકાયદે પ્લાન વિરુધ્ધના બાંધકામ માટે જવાબદાર અધિકારના નામ અને હોદ્દાઓની

વિગત. મુદ્દા નં.૯ બિલ્ડીંગના પાછળના ભાગે બારણું અને બારી મુકેલ છે તે પ્લાનમાં દર્શાવવામાં આવેલ છે કે કેમ અને ન હોય તો મ્યુ. કોર્પોરેશનના ખાનગી પ્લોટમાં આવી રીતે બારી બારણા મુકી શકાય કે કેમ? તેની માહિતી તાત્કાલીક આપવી. જેના અનુસંધાને ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ) તરફથી કોઈ માહિતી પૂરી પાડેલ જણાયેલ નથી કે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. જયારે અરજદારને પાઠવેલ પત્રના અનુસંધાને તા.૨૨–૩–૧૧ ના પત્રથી પૂરી પાડેલ માહિતીમાં આઈ ડી નં.૧૦૬૪ અને આઈ ડી નં.૧૨૦૯ ની બે જુદી જુદી વિષય વસ્તુની અરજીઓ છે તેમજ બંનેનો યોગ્ય પ્રતિભાવ મળેલ નથી. તા.૧૩–૧–૧૧ ની અરજીનો જવાબ સમય મર્યાદામાં મળેલ નથી તથા તે અંગેનો કોઈ તબદીલી પત્ર મળેલ નથી. તા.૧૧–૨–૧૧ ની આઈ ડી નં.૧૨૦૯ ની અરજીનો તબદીલ પત્ર શરત ચૂકથી તા.૧૩–૨–૧૧ ના આઈ ડી નં.૧૦૬૪ ના નમુના 'જ' સાથે બીડાણ તરીકે રજૂ થયેલ છે. જયારે નમુનો –જ તા.૧૩–૧–૧૧ થી આઈ ડી નં.૧૦૬૪ માટેનો જ છે તે અંગે કોઈ જવાબ મળેલ નથી કે તબદીલ પત્ર મળેલ નથી. તેમ જણાવેલ. આમ અરજદારે તેમની મુળ અરજીના તા.૧૩–૧–૧૧ ની માહિતી માંગણી અંગે અપીલ હોવાનું જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને અરજદારની તા.૧૩–૧–૧૧ની અરજીના અનુસંધાને અરજદારથી અપીલ અરજીમાં આઈ ડી નં.૧૨૦૯ તા.૧૧–૨–૧૧ ની અરજીનો તબદીલ પત્ર રજૂ કરેલ તેની માહિતી માંગતો પત્ર પાઠવેલ. જેના અનુસંધાને અરજદારની બંને અરજીઓ અંગે કોઈ તબદીલી પત્ર, માહિતીની નકલ રજૂ કરેલ નથી. જયારે અરજદારે રજૂ કરેલ ફી ની રસીદ તા.૧૩–૧–૧૧ ની અરજી માટેની સેન્ટ્રલઝોન ખાતેની જોતાં અને તેમની તબદીલની વિગતની અનુપસ્થિતિમાં પ્રસ્તુત અપીલમાં મુખ્ય પક્ષકાર ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન રહેવા પામે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૩–૧–૧૧ ની અરજીથી માંગેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ ન હોઈ અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ),....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી નરૂદ્દીન એ. મારફતીયા,